# અસંખ્ય ગુનાઓમાં સંડોવાયેલા બુટલેગર કાળા દેવરાજને પોલીસે ઝડપી લીધો



જૂનાગઢ તા.૨૧

ભુતકાળમાં અસંખ્ય ગુનાઓમાં સંડોવાયેલ તેમજ જૂનાગઢ સી-ડીવીઝન પોલીસ ઉપર હુમલો કરવાના ગુનામાં સંડોવાયેલા નામચીન બુટલેગર કાળા દેવરાજ રાડાને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગઈકાલે ઝડપી લઈ અને તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

ચોથા નોરતે જૂનાગઢ સી ડિવિઝન પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રભાઈ લખમણભાઈ બકોત્રા ઉપર હુમલો કરનાર કુખ્યાત બુટલેગર કાળા દેવરાજ રાડાને આખરે એલસીબીએ ઝડપી પાડી સી ડિવિઝનને સોંપી આપ્યો હતો. ૬ ઓક્ટોબર રવિવારની રાત્રે બીટ ઈન્ચાર્જ વિપુલભાઈ નાગદાનભાઈ ડાંગર સાથે હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્ર બકોત્રા નવરાત્રી તહેવારને લઈ પેટ્રોલિંગમાં હતા. એક બાઈક ચાલક ટ્રાફિકના હોવા છતાં સતત હોર્ન વગાડતો નીકળતા બને પોલીસ કર્મીએ શખ્સની બાઈક રોકી ડ્રાઈવિંગ લાઈસન્સ માંગતા તેણે 'તમે મને ઓળખો છો હું કોણ છું હું કાળા દેવરાજ રાડાનો દીકરો છું' તેમ કહી કાળા દેવરાજને ફોન કરી બોલાવતા કાળા દેવરાજે તેની પત્ની સાથે આવી ફરજમા રૂકાવટ કરી હતી. તેમજ અજાણ્યા શખ્સે ગેરવર્તન કર્યું હતું. અને મહિલાએ હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્ર બકોત્રાનો હાથ પકડી રાખી કાળા દેવરાજે હુમલો કરી અને પોલીસ ડ્રેસનો શર્ટ ફાડી નાખી નેમ પ્લેટ તોડી નાખી હતી. આ ઘટનાનો મુખ્ય આરોપી કાળા દેવરાજ શહેરમાં બીલખા રોડ ઉપર કેન્દ્રીય વિદ્યાલય પાસે આવેલ તેની વાડીએ હોવાની બાતમી મળતાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલની ટીમે કાળા દેવરાજને દબોચી લઈને વધુ તપાસ માટે સી ડિવિઝન પોલીસને સોંપી આપ્યો હતો. પકડાયેલ આરોપી કાળા દેવરાજ રાડા પોલીસ પર હુમલા માટે કુખ્યાત છે. તેના વિરૂદ્ધ વર્ષ ૨૦૦૧થી હત્યા, હત્યાની કોશિશ, દારૂ પોલીસ પર હુમલો સહિત ૧૦૭ ગુના નોંધાયા છે. સૌથી વધુ ૪૬ ગુના જૂનાગઢ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં, ૩૫ ગુના તાલુકા પોલીસ સ્ટેશનમાં, ૧૫ ગુના એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં, ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૯ અને જેતપુર સીટી પોલીસ સ્ટેશનનાં ૧ ગુનાનો સમાવેશ થાય છે.

# જૂનાગઢમાં બે કલાકમાં બે ઈંચ અને ગિરનાર ઉપર ત્રણ ઈંચ વરસાદ

## વારંવાર પડતા વરસાદને કારણે મગફળી સહિતના પાકોને ભારે નુકશાન

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરમાં ગઈકાલે સવારથી જ અસહ્ય ઉકળાટ બાદ બપોરના સમયે ગાજવીજ સાથે વીજળીના કડાકા સાથે ભારે પવન સાથે વરસાદ તુટી પડયો હતો. બપોરના ૨ થી ૪ દરમ્યાન વિવિધ વિસ્તારમાં સારો એવો વરસાદ પડી જતાં રસ્તાઓ ઉપર પાણી વહેવા લાગ્યા હતા.

ગિરનાર પર્વત ઉપર બપોરે ૨ થી ૪ દરમ્યાન ૩ ઈંચ વરસાદ પડયો હતો. જયારે જૂનાગઢ શહેરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. મેંદરડામાં ૧.૫ ઈંચ અને કેશોદ પંથકમાં પોણો ઈંચ વરસાદ પડી ગયો હતો. આ વરસાદના પગલે જૂનાગઢ શહેરમાં રસ્તાઓ ઉપર પાણી વહેવા લાગ્યા હતા. દરમ્યાન ચોમાસાની સીઝન પુરી થવા છતાં પણ અવાર-નવાર માવઠામય માહોલ સર્જાય છે અને વરસાદ પડતો હોય જેને લઈ ખેતીના પાકને ભારે નુકશાન પહોંચી રહ્યું છે. ગઈકાલે પણ પડેલા માવઠામય આ વરસાદને પગલે મગફળી, સોયાબીન સહિતના પાકોને નુકશાન થયું છે અને ખેડુતો ચિંતામાં મુકાઈ ગયા

# તનાવ મુક્ત સુખી જીવન જીવવા માટે મેડીટેશન દ્વારા મનને શક્તિશાળી બનાવો : બ્ર.કુ.શ્રેયા બેન-





## જૂનાગઢમાં બ્રહ્માકુમારી દ્વારા આયોજિત તનાવ મુક્ત જીવન કાર્યક્રમમાં ચાલુ વરસાદની પરવા કર્યા વગર શહેરીજનો ઉમટી પડ્યા : વિશાળ હોલ પણ ટૂંકો

૫ (પ્રતિનિધિ દ્વારા) ૬

જૂનાગઢ તા.૨૧

બ્રહ્માકુમારી વિદ્યાલય અને મેડિકલ એસોસિએશન જૂનાગઢ દ્વારા આયોજિત તનાવ મુક્ત સુખી જીવન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમયે ચાલુ વરસાદની પરવા કર્યા વગર શહેરીજનોની ભારે ભીડ ઉમટી પડી હતી, બ્રહ્માકુમારીઝનો વિશાલ ડાયમંડ હોલ ટૂંકો પડ્યો હતો. મુંબઈની મુંબઈથી પધારેલ આંતરરાષ્ટ્રીય વકતા બ્રહમાકુમારી શ્રેયાબેને સરલ સૌમ્ય ભાષામાં તનાવમુક્ત સુખી જીવન જીવવા માટેની સરળ ટિપ્સ આપીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમને જણાવ્યું હતું કે કલિયુગના અંતિમ સમયમાં સમસ્યામુક્ત પરિસ્થિતિ મુક્ત જીવન કદાચ શક્ય નથી પરંતુ તેમની વચ્ચે તનાંવ મુક્ત જીવન ચોક્કસ આપણે જીવી શકીએ છીએ. જેમ શરીરને તંદુરસ્ત રાખવા આપણે એકસરસાઈઝ પૌષ્ટિક ખોરાક લઈએ છીએ તેવી જ રીતે તનાવ મુક્ત સુખી જીવન જીવવા માટે મેડીટેશન દ્વારા મનને શક્તિશાળી બનાવો. એક્સરસાઈઝ અને પૌષ્ટિક ખોરાક રોજ લઈએ છીએ એમ જીવનમાં આધ્યાત્મિકતા અને મેડીટેશનને રોજિંદો હિસ્સો બનાવો. ૨૪ કલાકમાંથી કમસેકમ એક કલાક સ્વ માટે અર્થાત આધ્યાત્મિકતા માટે જરૂર કાઢવો જોઈએ. સમગ્ર જૂનાગઢ જિલ્લાના સંચાલિકા આદરણીય બ્રહ્મા કુમારી દમયંતીદીદી અને બ્રહ્માકુમારી બીનાબેને શુભેચ્છાઓ આપતા કહ્યું હતું કે આજે આ કાર્યક્રમના માધ્યમથી આપ શાંતિ ખુશી આનંદનો અનુભવ કરી રહ્યા છો તે અનુભવ કાયમ માટે જીવનમાં જળવાઈ રહે તે માટે આપ સર્વેને મેડીટેશન રાજયોગના ફ્રી ૭ ડે કોર્સ કરવા સર્વને અનુરોધ કર્યો હતો.

# વંથલી તાલુકાના સુખપુર ગામે માતાજીના મંદિરમાં ચોરી

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ નજીક આવેલા વંથલી તાલુકાના સુખપર ગામે માતાજીના મંદિરમાં તસ્કરોએ હાથફેરો કરી અને માતાજીના મઢની લોખંડની ગ્રીલ તોડી, દાનપેટી સહિતનો મુદામાલ ચોરી ગયા છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર વંથલી તાલુકાના સુખપુર ગામે ભાદરકા પરિવારના કુળદેવી ખોડીયાર માતાજીનો મઢ આવેલો છે.

રાત્રીના સમયે તસ્કરો લોખંડની ગ્રીલ તોડી મઢમાં પ્રવેશ્યા હતા અને રૂપિયા ૧૪૦૦૦ ની કિંમતના ચાંદીના નાના-મોટા ૨૦ છત્તર, સીસીટીવી કેમેરો અને તેનું રૂપિયા ૫૦૦૦ની કિંમતનું ડીવીઆર ઉપરાંત રોકડ રૂપિયા સાથેની દાનપેટી ચોરીને નાસી ગયા હતા. આ અંગેની જાણ સવારે થતાં પોલીસને વાકેફ કરવામાં આવી હતી. જેના પગલે પોલીસે સ્થળ પર પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ચોરીની ઘટના અંગે મેણસીભાઈ ખીમાભાઈ ભાદરકાની ફરિયાદ લઈ તપાસ પીએસઆઈ આર.વી. આહીર ચલાવી રહ્યા છે.

# કેશોદમાં બે દુકાનોમાં ચોરી તેમજ સાત દુકાનોમાં ચોરીનો પ્રયાસ કરતા શખ્સને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ એલસીબીના પીઆઈ જે.જે. પટેલ અને સ્ટાફે તાત્કાલીક અસરથી કાર્યવાહી કરી અને ચોરીના ગુનામાં સંડોવાયેલા શખ્સને ઝડપી લીધેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર કેશોદ શહેર વિસ્તારમાં એક સાથે બે દુકાનોમાં ચોરીનો બનાવ બનેલ તેમજ સાત જેટલી દુકાનોમાં ચોરીનો પ્રયાસ થયો હતો અને આ બનાવ અંગેની જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન સીસીટીવી ફુટેજના આધારે હાથ ધરાયેલી તપાસમાં અમીત ઉર્ફે કરણ ઉર્ફે અમર વાઘેલા રહે.લાઠી, હાલ કેશોદ




ચાંદીગઢ પાટીયા વાળો હોવાનું જાણવા મળેલ અને આ શખ્સ કેશોદ બાયપાસ ઉપર ઉભેલ હોવાની હકીકતને આધારે તેની અટકાયત કરી અને કેશોદ પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી માટે સોંપી આપવામાં આવેલ છે.

# જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલ એપાર્ટમેન્ટમાંથી ૯૬૫૦૦ની ઘરફોડ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેરનાં મધુરમ વિસ્તારમાં આવેલ બાલાજી હેરીટેઝના બ્લોકના તાળા તોડી અજાયો શખ્સ સોના-ચાંદીના દાગીના મળી કુલ ૯૬૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે યજ્ઞેશભાઈ ગોરધનદાસ છગે અજાયા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અજાણ્યા શખ્સે તા.૧૮-૧૦-૨૪ના રોજ બપોરના ૩-૩૦થી ૧૯-૧૦-૨૪ના ૮ વાગ્યા દરમ્યાન મધુરમ બાયપાસ રોડ, બાલાજી હેરીટેઈજ, ડી વીંગ-બ્લોક નં.૯૦૨માં ફરીયાદીના ભાડેના રહેણાંક બંધ મકાનના દરવાજાનું તાળું તોડી કબાટ ખોલી કબાટમાં રહેલ સોનાના દાગીનાઓમાં સોનાના પેંડલ ૩ કિ.રૂ.૬૦૦૦, સોનાની બુટી જોડી ૧ કિ.રૂ.૪૦૦૦, સોનાની બંગડી નંગ ૨ કિ.રૂ.૨૦૦૦૦/- તથા (૪) સોનાના પારાવાળી તુલસીની કંઠી નંગ ૨ કિ.રૂ.૫૦૦૦૦, ચાર સોનાની ચિપ્સવાળી લાલ કલરની બંગડી કિ.રૂ.૮૦૦૦/- તથા રોકડ રૂપીયા આશરે ૮૫૦૦/- મળી કુલ કિ.રૂ.૯૬૫૦૦/- ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળ તાલુકા નોકરિયાત શરાફી સહકારી મંડળી દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૧

માંગરોળ મુકામે લોહાણા મહાજન વાડી ખાતે સરસ્વતી સન્માન તેમજ નિવૃત્ત કર્મચારીનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સ્વામી શ્રી મુકતસ્વરૂપ સ્વામી, કોઠારી શ્રી સ્વામી નારાયણ મંદિર, લોએજના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. ધો.૧૦ અને ધો.૧૨માં તાલુકા લેવલે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને આવનારનું શિલ્ડ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ઉચ્ચ અને વિશિષ્ટ કક્ષાએ પી.એચ.ડી, રમતગમત ક્ષેત્રે જિલ્લા પ્રથમ, વર્મી કંપોસ્ટ ક્ષેત્રે જાગૃતતા, રાષ્ટ્રીય લેવલથી સન્માનનીય શીક્ષકનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ મંડળીના સભાસદ એવા નિવૃત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે મામલતદાર આર.ડી. પરમાર, તાલુકા વિકાસ અધિકારી આર.વી. ઓડેદરા, પ્રો. ડો. અનિલભાઈ વોરા, નિવૃત પ્રોફેસર, પીઆઈ માંગરોળ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ ભાવેશભાઈ ડાભી, ખારવા સમાજ પ્રમુખ ધનસુખ ગોસીયા, ધારાસભ્ય પ્રતિનિધિ પુંજાભાઈ બારિયા પ્રમુખ આહિર સમાજ. માંગરોળ) તેમજ માંગરોળ શહેર અગ્રણી ઓ અને મંડળી ના સભાસદો બહોળી સંખ્યામાં હાજર રહેલ, કાર્યક્રમ ની શરૂઆત માં મંડળી ના ચેરમેન જેઠાભાઈ નંદાણિયા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા મંડળીના મેનેજર મહેન્દ્રભાઈ નંદાણિયા અને વિરંચી શુક્લા તથા મંડળીના કર્મચારી કુણાલ ભરડાએ જહેમત ઉઠાવી હતી. આભાર વિધિ મેનેજર મહેન્દ્રભાઈ નંદાણિયાએ કરી, કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ હતું.

# જૂનાગઢમાં જેટકો અને પીજીવીસીએલ પરિવાર દ્વારા રાસોત્સવ યોજાયો











(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જેટકો અને પીજીવિસિલ GEBEA પરિવાર દ્વારા ગત તારીખ ૧૯-૧૦-૨૦૨૪ના રોજ રાસોત્સવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગ જેટકો ના મેનેજિંગ ડિરેકટર ઉપેન્દ્ર પાંડે સાહેબની અધ્યક્ષતામાં આયોજિત થયેલ. આ ઉપરાંત આ કાર્યક્રમમાં પીજીવિસીએલના ચીફ ઈજનેર આર. જે. વાળા, જે. જે. ગાંધી, મહેતા સાહેબ તેમજ જેટકોના ચીફ ઈજનેર કે. જે. ભૂવા, આર. કે. પટેલ, એમ. જી. પટેલ તેમજ રાજકોટ ઝોન જેટકોના વડા એસ. જી. કાંજિયા ઉપરાંત પીજીવિસીએલના એડિશનલ ચીફ ઈજનેર એવા બી. ડી. પરમાર અને કે.બી. શાહ તેમજ જૂનાગઢ પીજીવિસીલના વડા રાઠોડ તેમજ જેટકો જૂનાગઢના વડા એન.એ. ચૌહાણ ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત અમારા આમંત્રણને માન આપીને જેટકોના રીટાયર્ડ ચીફ ઈજનેર એ. જે. ચાવડા અને પીજીવીસીએલના રીટાયર્ડ ચીફ ઈજનેર આર.સી. પટેલ પણ ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત GEBEA પરિવારના કોર બોડી મેમ્બર સેક્રેટરી જનરલ એચ. જી. વઘાસિયા તેમજ GS GETCO નીરવ બારોટ, IC VP Legal એસ. ડી. પટેલ તેમજ પીજિવિસીલના GS એમ.એમ. કડછા તથા ટીમ અમરેલી ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના કાર્યકારી અધ્યક્ષ બી. એમ. શાહ અને AGVKSના સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ જીએસ જેટકો એજી વિકાસ હર્ષદ પટેલ પણ આપણા આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહેલ. PGVCLના કંપની સેક્રેટરી ચૌહાણ ઉપરાંત જેટકોના AGM HR કે. એન. પરમાર પણ ઉપસ્થિત રહેલ. આ સાથે જેટકો GEBEAની CEC me8ing મીટિંગ જૂનાગઢ ખાતે આયોજિત કરેલી હોયતો ગુજરાતભરમાંથી જેટકોના તમામ સર્કલમાંથી પધારેલા જેટકોના GEBEA ઓફિસ બેરર્સ આ રાસોત્સવના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. તેમજ સિક્કા TPS થી GEBEAના ઓફિસરો પરમાર તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહેલ. ઉપરાંત PGVCL રાજકોટ વર્તુળ રૂરલ, રાજકોટ સર્કલ ઓફિસ તેમજ જેટકોના તમામ સર્કલમાંથી આમંત્રિત ઓફિસ બેરરો તેમજ GEBEA સક્રિય મેમ્બરો પણ ઉપસ્થિત રહેલ. રાસોત્સવનો આ કાર્યક્રમ વરસાદી વાતાવરણીય જેવી તમામ વિપરીત પરિસ્થિતિમાં કાર્યક્રમને સફળ બનાવવાનો યશ આપણી જૂનાગઢ PGVCL અને GETCO GEBEAની ટીમની ઈચ્છા શક્તિ અને ભગીરથ પ્રયત્નોનું પરિણામ છે. આ કાર્યક્રમને સફળતા પૂર્વક પૂરૂ પાડવા માટે જૂનાગઢ જેટકો GEBEAમાંથી બી. વી. ખૂંટ, આર.બી. લાખનોત્રા, એસ. પી. કાસુન્દ્રા, ગરચર સાહેબ, કે. જે. ગાંધી, પી. બી. ગઢવી, જે.બી. દેકિવાડિયા તેમજ ટીમ અને પીજિવિસીએલ જૂનાગઢ GEBEAમાંથી એમ. એન. મંડોરા, પી. બી. ગાજીપરા, જે. જે. માણાવદરીયા તેમજ ટીમના ઈજનેર મિત્રો દ્વારા ભગીરથ પ્રયાસ કરીને કાર્યક્રમને સફળ બનાવેલ. ઉપરાંત આ કાર્યક્રમને આર્થિક રીતે બળ પૂરૂ પાડનાર એવા તમામ દાતાઓનો તથા આ ઉપરાંત કાર્યક્રમનું સફળ સંચાલન ડી. એન. રૂપારેલિયા અને કે.પી. ઓઝા દ્વારા એક્રીંગ કરીને આ કાર્યક્રમને વધુ સફળ બનાવેલ. આ ઉપરાંત આ કાર્યક્રમમાં આપણને આટલી વિશાળ જગ્યા પૂરી પાડનાર અને તમામ રીતે સહયોગ આપનાર મગન બાપા સાવલિયા(કૈલાશ ફાર્મ) દ્વારા આપીને આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવેલ તેમજ તેમાં મહિકાના પુડલા, ક્રીમીનેસનું આઈસક્રીમ અને ભારદ્વાજ સાઉન્ડ સિસ્ટમ આ કાર્યક્રમને ભવ્યાતિ ભવ્ય રીતે સફળ બનાવેલ છે. એ બદલ આયોજક ટીમને જીબીઆ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આ તકે અમને આમંત્રિત કરીને જીવીઆ બોડીનું મોમેન્ટો સાથે સન્માન કરવા બદલ આપ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢના જલારામ ભક્તિધામ ખાતે જલારામ જયંતિની શાનદાર ઉજવણી થશે



## સમગ્ર લોહાણા સમાજની નાત અને અન્ય જલારામભકતો માટે સમૂહ પ્રસાદ સહિતના ભાતીગળ કાર્યક્રમોનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

પૂજય જલારાબાપાની ૨૨૫મી જન્મ જયંતિ ૨૦૮૧ના કારતક શુદ ૭ તા.૮-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ઉજવણી કરવા શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ધાર્મિક, આધ્યાત્યમિક, સામાજિક, સાંસ્કૃતિક, સમાજસેવા કલ્યાણલક્ષી, જ્ઞાતિ સંગઠન એવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારના મંગલા આરતી, અર્ચન-પૂજન બાદ પ્રથમ ધ્વજારોહણ, મેડીકલ કેમ્પ, નવા પ્રોજેકટ સોલાર રૂટ ટોપ, ભોજનશાળાના મેદાનનો ડોમ અને લીફટનું દાતા ડો. પી.એન. આહયા હસ્તે લોકાર્પણ અને તકતી અનાવરણવિધિ, બપોરના રાજભોગ ધરાશે અને રાજભોગ આરતી બાદ દ્વિતિય ધ્વજા રોહણ, અન્નકુટ દર્શન, મહિલા મંડળોના સંત કિર્તન, સાંજે ૨૨૫ દિવડા સાથે દેદિપ્યમાન સંધ્યા આરતી અને આરતી શણગાર સ્પર્ધા, સમગ્ર લોહાણા સમાજ અને અન્ય જલારામભકતો માટે સમૂહભોજન, મહેમાનોનું સ્વાગત અને દાતાઓનું સન્માન, આવા અલૌકિક પ્રસંગે પધારવા સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને જલારામ પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી. બી. ઉનડકટ આમંત્રણ પાઠવે છે.

# જૂનાગઢમાં વ્યાજખોરોએ મોટર સાયકલ પડાવી લઈ ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં વ્યાજખોરોએ મોટર સાયકલ પડાવી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે સારંગભાઈ ફારૂકભાઈ સંઘારે ફરીયાદમાં આરોપી તરીકે પ્રતાપ સોલંકી અને કાળા દેવરાજ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ પોતાનો દિકરો બીમાર હોય, જેથી ફરીયાદીને સારવાર માટે પૈસાની જરૂરીયાત હોય, અને આરોપીઓ ભાગીદારીમાં પૈસા વ્યાજે આપતા હોય, ફરીયાદીને આરોપી પ્રતાપ સોલંકીએ ૩૦,૦૦૦/- રૂપીયા ૧૦% વ્યાજે આપેલ હોય, અને ચાલુ મહિનાના રૂપીયા ૩,૦૦૦/- વ્યાજ કાપી લઈ, ફરીયાદીને રૂપીયા ૨૭,૦૦૦ આપેલ, અને ફરીયાદીને પૈસા વ્યાજે આપેલ તે બદલ સીકયુરીટી પેટે ફરીયાદી પાસેથી બાક નં. GJ 11 CF 0823 ની અસલ આર.સી.બુક લીધેલ અને ફરીયાદી આરોપીને વ્યાજના પૈસા આપતા હોય, તેમ છતા ફરીયાદી પાસેથી વધુ વ્યાજ પડાવવા બાબતે અવાર નવાર વધુ વ્યાજની ઉઘરાણી કરતા હોય, અને ફરીયાદીને આરોપીને પૈસા આપી દેવા હોય, દરમ્યાન ફરીયાદીએ આરોપી પ્રતાપ સોલંકી પાસેથી મોટર સાયકલની અસલ આર.સી.બુક લેવા ગયેલ ત્યારે આરોપી પ્રતાપે ફરીયાદીને છરી બતાવી મારી નાખવાની ધમકી આપી, જેમ ફાવે તેમ ગાળો કાઢી, ફરીયાદી પાસેથી મોટર સાયકલ બળજબરીથી કઢાવી લીધાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊનામાં યુવાન અને તેના પિતા-માતા અને ભાઈ ઉપર ચાર આરોપીઓએ તલવાર, છરી અને લાકડાના ધોકાથી હુમલો કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૧

ઊના શહેરમા ભીમપરા વિસ્તારમાં રહેતા પિયુષભાઈ ભીખાભાઈ વાઘેલા સાથે અગાઉ નવરાત્રીમાં આઠમા નોરતે આરોપી રવિ જેન્તીભાઈ મકવાણા અને રોહિત રાજુભાઈ પરમાર રે. ઊના વાળાએ ઝગડો કરેલ હતો તે મનદુ:ખ રાખી આરોપી સુજલ રવિ બાંભણિયા, રવિ જેન્તીભાઈ મકવાણા, કપિલ જેન્તીભાઈ મકવાણા, રોહિત રાજુભાઈ પરમાર રે. ઊના તમામ પિયુષભાઈના ઘરે રાત્રે આવી દરવાજો ખખડાવી આરોપીઓએ તલવાર, છરી અને લાકડાના ધોકા વતી હુમલો કરતા પિયુષને જમણા કાનના ભાગે તલવાર મારતા ગંભીર ઈજા પહોંચી હતી અને બચાવવા વચ્ચે પડેલ ફરીના પિતા ભીખાભાઈને હાથમાં તલવારથી છરકા કરી માતા ભારતીબેન અને ભાઈ અશ્વિનને આડેધડ ઢિકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ કરી ફરિયાદીને મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.

પિયુષભાઈને હોસ્પિટલે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ પી.એસ. આઈ.પી.જી. જોશી કરી રહ્યા છે.

# માણાવદર પંથકમાં વીજળીના કડાકા ભડાકા સાથે ૨થી ૩ ઈંચ વરસાદ પડ્યો



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૧

માણાવદર પંથકમાં ભારે ઉકળાટ બાદ કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. ગઈકાલે બપોર બાદ અતિ ભારે વીજળીના કડાકાભડાકા સાથે શહેરમાં અડધો અને ગ્રામ્ય પંથકમાં ૨ થી ૨.૫ ઈંચ વરસાદ પડ્યો હતો. જેનાથી ઉપાડેલ, ઉભા પાક મગફળી, કપાસને નુકસાની થઈ હવાની નુકસાની વેઠવી પડી છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને ભારતિય વિચારમંચ સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં ભારતીયતા વિષયે એકદિવીય રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઇ

**આજની યુવા પેઢી દ્વારા સંશોધનમાં ભારતીય દ્રષ્ટિકોણનો સમન્વય બની રહે અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનું સંવહન થાય, વ્યાપાર, શિક્ષણ, કાનૂન જેવા વિવિધ ક્ષેત્રોમાં રાષ્ટ્રનાં મૂલ્યોનું દર્શન થઇ શકે તે દિશામાં યુનિ.દ્વારા વિજ્ઞાન, આર્ટ્સ, વ્યાપાર, પ્રબંધન શિક્ષણમાં ઉત્કૃષ્ટ સંશોધનનો કાર્ય થઇ રહ્યું છે.– પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી**






જૂનાગઢ, તા. ૨૧

કોલેજ ઓફ ટેકનોલોજીનાં બી.એડ કોલેજ મોતીબાગ જૂનાગઢ ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય જૂનાગઢ અને ભારતીય વિચારમંચ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં ભારતીયતા વિષયે એકદિવસીય રાષ્ટ્રીય કાર્યશાળા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો) ચેતન ત્રિવેદીનાં અધ્યક્ષસથાને યોજાયેલ

અધ્યક્ષિય ઉદબોધનમાં પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે વિશ્વવિદ્યાલયનું લક્ષ ઉચ્ચ ગુણવત્તા અને સંબંધિત શોધ અધ્યયન, પરામર્શ અને પ્રશિક્ષણ કાર્યક્રમ સંચાલિત કરવાનું છે. યુનિવર્સિટીનો ઉદ્દેશ વૈશ્વિક સ્તર પર સક્ષમ શોધ સંસ્થાનો અને વિશ્વવિદ્યાલય સાથે શૈક્ષણિક સંબંધ સ્થાપિત કરવાનું અને તેનો વિસ્તરણ કરવાનું પણ છે. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહિત કરવા સ્વતંત્ર અને મહત્વપૂર્ણ વિચારો સામાજિક વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને ક્ષમતા નિર્માણના માધ્યમથી વિદ્યાર્થીઓને સશક્ત બનાવી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાયમાં અને સામાજિક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટીના સહાયરૂપ બને છે. જીવનની ગુણવત્તાને સુધારવા સાથે રાષ્ટ્રીય ધરોહર, સંસ્કૃતિ અને પર્યાવરણ સાથે સંતુલન બનાવી રાખીને ઉચ્ચતમ માનવીય મૂલ્યોને આત્મસાત કરવાનો અવસર પ્રદાન કરનાર ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ. અને ભારતિય વિચારમંચ ગુજરાત પ્રાંતનાં સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં ભારતીયતા વિષયે એકદિવયસીય કાર્યશાળામાં તજજ્ઞો વિચારમંથન શોધસ્કોલર્સ અને અધ્યાપકગણને ઉપયોગી માર્ગદર્શક બની રહેશે.

ઉદઘાટન સત્રનાં ઉદઘાટક અને ઓર્ગેનાઈઝર વિકલીનાં સંપાદક પ્રફુલભાઈ કેતકરે પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે વ્યક્તિત્વ ઘડતરની સાથે સમાજ ઘડતરમાં ભારતીય વિચારમંચ "આ..નો ભદ્રાઃ ક્રત્વો યન્તુ વિશ્વતઃ" અથર્વવેદની આ પંક્તિને આત્મસાત કરીને છેલ્લા ૩૮ વર્ષોથી વૈચારિક ક્ષેત્રમાં કામ કરતુ એક સંગઠન છે, પ્રત્યેક સંસ્કૃતિના સ્વકેન્દ્રિત વિચાર હોય છે, યુવાનો અને મહિલાઓમાં આર્થિક વિષયોમાં અને રાષ્ટ્રની વિભિન્ન સમસ્યા ઉપર ચિંતન અને મનન કરવા રાષ્ટ્રને યોગ્ય વિચાર પ્રદાન કરવા સર્વજનહિતાય સર્વજન સુખાયનો વિચાર સમાજની ધારણાઓ અને ઉત્કર્ષનો પોષક બને છે. રાષ્ટ્ર વિશ્વના સર્વોત્તમ શિખર પર બિરાજમાન બને અને વિશ્વ કલ્યાણક ભારત બને તે હેતુ ભારતીય વિચાર મંચની સંકલ્પ સાથે આજે યુનિ.નાં શોધકર્તા છાત્રો સાથે સંગોષ્ઠી યોજાઇ છે.

કાર્યક્રમનાં દ્વિતિય સત્રનાં વકતા અને બુદ્ધ સ્નાતકોતર મહાવિદ્યાલય કુશીનગર ઉત્તરપ્રદેશના પ્રા.(ડો) કૌસ્તુભ નારાયણ મિશ્રાએ જણાવ્યુ હતુ કે સંશોધનોમાં સંદર્ભની આવશ્યકતા જ હોતી નથી. પ્રકૃતિનાં પ્રત્યેક તત્વમાં વિજ્ઞાન સમાયેલ છે. તેને નીરખવા અને પ્રસ્તુત કરવાનો અંદાજ અલગ હોય છે. વિવિધ ક્ષેત્રોમાં ભારતીયતા તેમજ ભારતના મૂલ્યોનું દર્શન થઈ શકે તે દિશામાં યુનિ.માં અભ્યાસરત પ્રત્યેક શોધકર્તાઓએ ખ્યાલ રાખવો જરૂરી છે. આત્મીય વિશ્વવિદ્યાલયના પૂર્વ ઉપકુલપતિ ડો.જયેશ દેશકરજીએ ભારતિય જ્ઞાન પરંપરા અને વિજ્ઞાનની વાત સમજાવી હતી.

કાર્યશાળામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પુર્વ ઉપ કુલપતિ તેમજ પ્રા. અને પૂર્વ આચાર્ય નર્મદા કોલેજ ભરૂચના ડો. ભાસ્કરભાઈ રાવલ, સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય કેન્દ્ર સરકારના બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશનના સદસ્ય તેમજ સંસ્કૃત વિભાગનાં પ્રા.(ડો.) રાજાભાઈ કાથડ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરા સંલગ્ન એમ કે અમીન કોમર્સ કોલેજ વાણિજ્ય વિભાગના પ્રિન્સિપલ ડો.કલ્પેશભાઈ નાયક તથા ભરૂચ કોલેજનાં ડો હરેશ પટેલ, શ્રી નિશાંતભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા વર્તમાન સમયમાં વિજ્ઞાન, પ્રોદ્યુગીકી, આર્ટ્સ, વ્યાપાર, પ્રબંધન, શિક્ષણ અને કાનૂન જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન સાથે સંકળાએલ વિદ્યાર્થી અને વિવિધ ક્ષેત્ર વિષયોમાં સંશોધન કરી ચૂકેલ અને પીએચડીના માર્ગદર્શક દિવસીય કાર્યશાળાનાં તજજ્ઞો સાથે વિષયવસ્તુ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભે અતિથીઓને જ્ઞાનબાગ સ્વામિનારાયણ ગુરૂકુળનાં નિયામક ડો. આશિષ કાચાએ શબ્દપુષ્પથી આવકાર્યા હતા. પ્રો.(ડો.) વિશાલ જોષીએ અતિથીઓનો પરિચય અને કાર્યશાળાની વિભાવના રજુ કરી હતી. ઈતિહાસકોમર્સ વિભાગનાં વડા પ્રો(ડો.) ભાવસિંહ ડોડીયાએ ઋણભાવ વ્યકત કર્યો હતો. દ્વિતિય સત્રમાં ડો. નિશીથ ધારૈયાએ મંચસ્થ અતિથીઓનું સ્વાગત અને કાર્યક્રમનાં અંતે અંગ્રેજી વિભાગનાં વડા પ્રો.(ડો.) ફિરોઝ શેખે આભાર દર્શન કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા રજીસ્ટ્રાર ડો. એચ.સુખડીયા,ડો. મયંક સોની, નવલ કપુરીયા,ડો. સુહાસ વ્યાસ, જતિન રાવલ, ડો. દુષ્યંત દુધાગરા, ડો. ચાવડા, ડો. કાંજીયા ડો. વાછાણી સહિત યુનિ.નાં સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## જૂનાગઢ માં હિટ એન્ડ રન કેસમાં મોતને ભેટલા મૃતકોના વારસદારોને રૂા. બે લાખનું વળતરના હુકમ એનાયત કરાયા

જૂનાગઢ, તા. ૨૧

માર્ગ અકસ્માતમાં અકાળે મૃત્યુ થવાના બનાવો વધી રહ્યા છે, જેમાં ઘણા કિસ્સાઓમાં ઘરમાં કમાનાર મુખ્ય વ્યક્તિનું અવસાન થવાથી આખો પરિવાર નોંધારો બની જતા તેઓનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. આવા કેસમાં આંશિકરૂપે મદદ કરી શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા Compensation to victims of Hit and Run Motor Accident Scheme ૨૦૨૨ અમલમાં મુકવામાં આવી છે. જેમાં હીટ એન્ડ રનના (અજાણ્યા વાહનની ટક્કર) કેસમાં મૃત્યુ થાય તો રૂ. બે લાખ અને ગંભીર ઈજાના કેસમાં રૂ. ૫૦ હજારની આર્થિક વળતરની જોગવાઈ છે. આ વળતર માટે આવેલી અરજીઓમાં નિર્ણય કરવા માટે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ કમિટી રચવામાં આવી હતી. જે કમિટી દ્વારા અરજી મંજૂર કરી કેસમાં મૃતકના વારસદારને રૂ. બે લાખનું વળતર મંજૂર કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી અનિલ કુમાર રાણાવસિયાના હસ્તે વાહન અકસ્માતમાં મોતને ભેટલા મૃતકોના વારસદાર સોનલબેન કૈલાશભાઈ ચુડાસમાને રૂ. બે લાખનું વળતર મંજૂરીના હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. આવા આકસ્મિક બનાવો અંતર્ગત કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હોય અને આ દરમિયાન મૃત્યુ કે ઈજા થવાના પ્રસંગે આ સ્કીમ હેઠળ વળતર માટે અરજી કરી શકાય છે. આવા કોઈ બનાવ બન્યા હોય તો કલેકટર કચેરીની નાયબ ચીટનીશ શાખા અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી અરજી કરી યોજનાનો લાભ જણાવાયું છે.

## જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

**પ્રજાલક્ષી પ્રશ્નોનો સત્વરે નિરાકણ લાવવા સૂચના આપવામાં આવી**




જૂનાગઢ, તા.૨૧

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીઓ તરફથી રજુ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેકટરશ્રી દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી. જિલ્લા કલેકટરે અરજદારોના પ્રશ્નોને હકારાત્મક રીતે નિવારણ કરવા માટે પણ અધિકારીને સૂચિત કર્યા હતા. આ બેઠકમાં જમીન માપણી, પેશકદમી, વિકાસલક્ષી કામો, સોલાર પ્લાન્ટને લગતા પ્રશ્નો, સરકારી નાણાંની વસૂલાત, બાકી ઓડીટ પેરા, પડતર કાગળોની સ્થિતિ, પેન્શનના કેસો સહિત વિવિધ બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેના સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા. જૂનાગઢના વિકાસને ધ્યાનમાં રાખીને વધુ સારી રીતે કામગીરી થઈ શકે તે માટે તમામ કચેરીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક પી.એ.જાડેજા તેમજ સંલગ્ન પદાધિકારીઓ અને અધિકારીઓ પ્રાંત અધિકારીઓ હાજર રહ્યા હતા.

## જીલ્લા રોજગાર વિનિમય કચેરી-જૂનાગઢ દ્વારા રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર આવતીકાલે ભરતી મેળાનું આયોજન

જૂનાગઢ, તા.૨૧

જિલ્લા રોજગાર વિનિમય કચેરી-જૂનાગઢ દ્વારા જિલ્લાના રોજગાર ઈચ્છુકોને રોજગારી પ્રાપ્ત થાય તેવા હેતુસર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ શુભાંગ પ્રોડક્ટ્સ કું. તેમજ એસ.બી.આઈ. લાઈફ ઈંસ્યુરન્સ કંપની એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ હેલ્પર ઓપરેટર તથા લાઈફ મીત્રની જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ એસ.એસ.સી. કે તેથી ઓછુ, આઈ.ટી.આઈ. કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતી મેળો યોજાશે.

અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આયોજિત ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે આવતીકાલ તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

## કેશોદ પોલીસ સ્ટશન માં પી.બી.એ.સી તથા સી.ટીમ એ કાઉન્સેલીંગ કરી ૨ પુત્રીઓની માતાનો ૧૩ વર્ષનો ઘર સંસાર તુટતા બચાવ્યો

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ જિલ્લા અને મહિલા બાળ અધિકારીશ્રી તેમજ દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર કેશોદ) ખાતે ૨૦૧૪ થી કાર્યરત છે. જેમાં અરજદાર બહેનના લગ્નને ૧૩ વર્ષ થયા હતા. પરંતુ સાસરી પક્ષમાં ઘરેલુ હિંસા અને માનસિક ત્રાસથી કંટાળીને ઘણા સમયથી પિયરમાં હતા. અરજદાર બહેનને સંતાનમાં બે પુત્રીઓ હોય અને સાસરી પક્ષ તરફથી પુત્ર માંગણી હોય જેમના લીધે ઘરમાં અવારનવાર નાના-મોટા ઝઘડા થતા અને અપશબ્દો બોલાતા હતા સાથે અરજદાર બહેનનું સ્ત્રીધન પણ સાસરી પક્ષ તરફથી લઈ લીધેલ હોય જેવા માનસિક ત્રાસ અંગે બંને પક્ષને બોલાવીને સમજાવવામાં આવ્યા હતા. જેમાં બંને પક્ષને બોલાવી વ્યક્તિગત તેમજ જૂથ મીટીંગ કરી બંને પક્ષને સમજાવવામાં આવ્યા હતા. સાથે સ્ત્રીધન આપવા સાથે બહેનની ઈચ્છા મુજબ તેમના પતિ અરજદાર બહેનને પોતાના ઘરે તેડી ગયેલ હતા. આ તકે તેમનું દાંપત્ય જીવન સુખમય રહે તેના માટે પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર મહિલા કાઉન્સિલર મહિડા એસ.આર. અને ગોંડલીયા જે.એસ. તથા સી.ટીમ કેશોદના પરમાર શીતલબેન દ્વારા સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતુ.

### WHOના રિપોર્ટથી વિશ્વ ચિંતિત

## મીઠું ઝેર સમાન છે, દર વર્ષે તેનાથી ૧૮ લાખ લોકોના મોત

### કેટલાક નિષ્ણાંતો મીઠાને શરીર માટે જરૂરી ગણાવે છે


નવી દિલ્હી, તા. ૨૧

જો ખોરાકમાં મીઠું ન હોય તો ખાવાનો સ્વાદ નહીંવત્ થઈ જાય છે. મીઠા વગર આજે તમે તમારા જીવનની કલ્પના પણ નથી કરી શકતા. મીઠું કેટલું જરૂરી વસ્તુ છે, તેનો અંદાજ તમે આ વાતથી લગાવી શકો છો કે તેના માટે ભારતમાં એક રાષ્ટ્વ્યાપી આંદોલન થયું હતું. તમે તેને દાંડી યાત્રા અથવા મીઠા સત્યાગ્રહના નામથી જાણો છો. ચાલો હવે આ લેખમાં તમને જણાવીએ કે મીઠું આપણા શરીર માટે કેટલું જરૂરી છે અને તેનાથી દર વર્ષે કેટલા લાખ લોકોના મૃત્યુ થાય છે.

બીબીસી વર્લ્ડ સર્વિસે આ પર એક કાર્યક્રમ કર્યો છે 'ધ ફૂડ ચેઈન'. તેમાં જણાવવામાં આવ્યું છે કે મીઠું આપણા શરીર માટે કેટલું જોખમી હોઈ શકે છે. જોકે, કેટલાક નિષ્ણાતો એવા પણ છે જે મીઠાને આપણા શરીર માટે અત્યંત જરૂરી ગણાવે છે. જેમ કે અમેરિકાની રટગર્સ યુનિવર્સિટીમાં ન્યુટ્રિશનલ સાયન્સના પ્રોફેસર પોલ બ્રેસલિન બીબીસી સાથે વાત કરતા કહે છે, 'મીઠું જીવન માટે જરૂરી છે.'

આવું એટલા માટે કે મીઠું માનવની સક્રિય કોશિકાઓ માટે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત જો આપણે પૂરતા પ્રમાણમાં સોડિયમનું સેવન ન કરીએ તો આપણે મૃત્યુ પણ પામી શકીએ છીએ. ખરેખર, સોડિયમની ઉણપથી હાઈપોનેટ્રેમિયા નામનો રોગ થઈ શકે છે, જેનાથી ભ્રમ, ઉલટી, તાણ, ચિડચિડાપણું અને કોમા જેવી ગંભીર સ્થિતિઓ ઉદ્ભવી શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) મુજબ, દરરોજ ખોરાકમાં ૫ ગ્રામ મીઠાનું સેવન કરવું જરૂરી હોય છે. ૫ ગ્રામ મીઠામાં લગભગ ૨ ગ્રામ સોડિયમ હોય છે, જે એક ચમચી જેટલું છે. જોકે, લોકો માત્ર ૫ ગ્રામ મીઠું નથી ખાતા પરંતુ તેનો બમણો ઉપયોગ કરે છે. WHOના જ અહેવાલ અનુસાર, વૈશ્વિક સ્તરે લોકો સરેરાશ ૧૧ ગ્રામ મીઠું દરરોજ ખાય છે. આના કારણે હૃદય રોગ, ગેસ્ટ્રિક કેન્સર, ઓસ્ટિયોપોરોસિસ, મેદસ્વિતા અને કિડનીના રોગોનું જોખમ વધી જાય છે.

જ્યારે મીઠાથી દર વર્ષે થતા મૃત્યુની વાત કરીએ તો વિશ્વ આરોગ્ય સંગઠનનો અંદાજ છે કે દર વર્ષે વિશ્વભરમાં મીઠાને કારણે લગભગ ૧૮.૯ લાખ લોકોના મૃત્યુ થાય છે. આ મૃત્યુમાં મીઠાની ભૂમિકા સીધી રીતે નથી હોતી. પરંતુ જે રોગોથી લોકોના મૃત્યુ થાય છે, તેમના થવા અને વધવામાં મીઠાની ભૂમિકા હોય છે. આ જ કારણ છે કે આરોગ્ય નિષ્ણાતો હંમેશા સલાહ આપે છે કે મીઠાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારની સલાહ લોકોને ખાંડ માટે પણ આપવામાં આવે છે.



રાજકારણમાં રહીએ પછી આપણને કયારેય અંતર આત્માનો અવાજ સંભળાય ખરો ?



મને તો શંકા છે કે તારે કારણે જ મોંઘવારી વધી રહી છે !

### ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દીધું

# મનફાવે તેમ ગેરહાજર રહેતા શિક્ષકો પર સરકારની કડકાઈ

## ગાંધીનગર જિલ્લામાં એક શિક્ષકને નોકરી પર ફરી બોલાવાયા અને ચાર શિક્ષકોને બરતરફ કરાયા

ગાંધીનગર , તા.૨૧

રાજ્યભરમાં શિક્ષકો કારણ વગર લાંબા સમયથી ગેરહાજર રહેતાં હોવાના અનેક અહેવાલો સામે આવ્યા હતાં. ઘણાં શિક્ષકો તો જાણ બહાર વિદેશ જતાં રહ્યાનો પણ ઘટસ્ફોટ થયો હતો. જેને પગલે સરકારે આવા તમામ શિક્ષકો સામે વિવિધ જિલ્લામાં કડક એક્શન લેવામાં આવી રહ્યાં છે. જે દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ કારણ વિના ગેરહાજર રહેતાં પ્રાથમિક વિભાગના શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ એક શિક્ષકને નોકરી પર ફરી હાજર કરવામાં આવ્યા છે અને ચાર શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિદેશ ગમન સહિતના કિસ્સાઓમાં સાત શિક્ષકો દ્વારા નોકરી પર હાજર થવાના બદલે રાજીનામા આપી દેવાતા તેનો સ્વીકાર કરી લેવાયો છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. પિયુષ પટેલે જણાવ્યું, કે છેલ્લી નોટિસ હોવા છતાં હાજર નહીં થયેલાં શિક્ષકોને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાની ઉવારસદ કુમાર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક ચૌધરી નિર્મલાકુમારી અમૃતલાલ, ગાંધીનગર તાલુકાના ટીંટોડી પ્રાથમિકા શાળાના મદદનીશ શિક્ષક ગઢવી રાજેશકુમાર દાદુભાઈ, કલોલ તાલુકાની વાંસજડા(ક) પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક મોદી પ્રિયંકાબેન જયંતીલાલ અને કલોલ તાલુકાની ઉનાલી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક પટેલ રૂપલબેન નટવરભાઈનો સમાવેશ થાય છે. આ તમામ શિક્ષકો સામે ગુજરાત પંચાયત સેવાના શિસ્ત અને અપિલના નિયમો તથા નાણાં વિભાગના ગેઝેટ ૨૦૦૬ના જાહેરનામાં અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે. શાળાઓમાં ગેરહાજર રહેવામાં ૧૬ શિક્ષકોના નામ ખુલ્યાં હતાં, જેમાં ૧૨ કિસ્સાઓમાં શિક્ષકો એક વર્ષથી વધુ સમયથી ગેરહાજર હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે શિસ્ત ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, ૧૬ માંથી ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દેતાં તેમના રાજીનામાનો સ્વીકાર કરી લેવાયો છે. આ સિવાય અંતિમ નોટિસના પગલે અડાલજ કુમાર પ્રાથમિક શાળાના એચટાટ આચાર્ય સેન્દાણે રોમાબેન નરેન્દ્રકુમાર હાજર થતાં તેમને નોકરી પર પરત લેવાયા હતાં.

વિદેશ ગમન સહિતના કિસ્સામાં વગર રજાએ ગેરહાજર રહ્યા બાદ અંતિમ નોટિસ અપાયાના પગલે સાત શિક્ષકોએ રાજીનામું આપીને નોકરીને પડતી મૂકી હતી. તેમાં કલોલની કાંઠા શાળાના કવિતાબેન ચતુરભાઈ, ખાત્રજ શાળાના અમિતાબેન મણીભાઈ, શેરીસા શાળાના ગીરાબેન વિષ્ણુભાઈ, માણસાની બોર શાળાના નિકિતાબેન પ્રહલાદભાઈ, બાપુપુરા શાળાના ઈન્દિરાબેન જયંતિભાઈ, દહેગામની માછંગમોટી શાળાના નીતાબેન રાજુભાઈ અને ગાંધીનગરની વડોદરા લાટ શાળાના રીમાબેન રમેશભાઈનો સમાવેશ થાય છે.

### ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાનમાં થશે

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે BCC સમક્ષ મુકેલી ઓફર BCCIએ ફગાવી

## અંતિમ નિર્ણય માત્ર ભારત સરકાર પર નિર્ભર છે

ઈસ્લામાબાદ, તા.૨૧

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની યજમાની પાકિસ્તાનના હાથમાં છે. તેનું આયોજન ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં થવાનું છે. ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન ન જવાના સમાચાર વચ્ચે ટૂર્નામેન્ટ હારવાનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. તેને જોતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે BCC સમક્ષ નવી ઓફર મૂકી હતી. ક્રિકબઝ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે PCBએ ટીમ ઈન્ડિયાને પત્ર લખીને મેચ રમ્યા બાદ તે જ દિવસે પરત ફરવાની ઓફર કરી છે. આમાં મદદની ખાતરી પણ આપી છે. હવે ભારતીય બોર્ડે આ દાવાને ફગાવી દીધો છે. તેમનું કહેવું છે કે BCCIને PCB તરફથી આવો કોઈ પત્ર મળ્યો નથી.

ક્રિકબઝના અહેવાલ મુજબ, PCBએ કહ્યું હતું કે જો ટીમ ઈન્ડિયાને સુરક્ષાને લઈને કોઈ પ્રકારની ચિંતા છે અને તે પાકિસ્તાનમાં રહેવા માંગતી નથી. તેથી તે પોતાનો બેઝ કેમ્પ મોહાલી, ચંદીગઢ અથવા નવી દિલ્હીમાં સ્થાપિત કરી શકે છે. અને દરેક મેચ બાદ ભારતીય ટીમ પોતાના કેમ્પમાં પરત ફરી શકે છે.

હવે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે BCCIના એક વરિષ્ઠ અધિકારીએ આવી કોઈ ઓફર મેળવવાનો ઈનકાર કરી દીધો છે. તમને જણાવી દઈએ કે લાહોરથી ભારતનું અંતર માત્ર થોડાક કિલોમીટર છે. તેને જોતા PCBએ BCCIને દરેક મેચ બાદ ભારત પરત ફરવાનો નવો વિકલ્પ આપ્યો હતો.

આપને જણાવી દઈએ કે પાકિસ્તાને ૧૯૯૬ થી કોઈ પણ ICC ટૂર્નામેન્ટનું આયોજન કર્યુ નથી. આ વખતે તે ચેમ્પિયન્સ ટ્રોફી કરાવવા માટે ઉત્સુક છે. આ માટે PCBએ લાહોર, કરાચી અને રાવલપિંડીમાં યોજાનારી ટૂર્નામેન્ટનું શેડ્યૂલ ICCને સુપરત કર્યું છે. પાકિસ્તાની બોર્ડ કરોડો રૂપિયા ખર્ચી રહ્યું છે અને વર્લ્ડ ક્લાસ ઈવેન્ટનું વચન આપ્યું છે. પરંતુ અંતિમ નિર્ણય માત્ર ભારત સરકાર પર નિર્ભર છે.

ECB પ્રમુખ રિચાર્ડ ગોલ્ડ અને રિચર્ડ થોમ્પસન તાજેતરમાં PCB અધિકારીઓને મળ્યા હતા. બંનેએ પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી યોજવા, તેમાં ભારતીય ટીમની ભાગીદારી અને જય શાહની ભૂમિકા વિશે વાત કરી. તેણે કહ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનું ન હોવું ક્રિકેટના હિતમાં નથી.

તેમનું માનવું છે કે પ્રસારણ અધિકાર બચાવવા માટે ભારતીય ટીમ હોવી જરૂરી છે. જો ભારત નહીં આવે તો હાઈબ્રિડ મોડલ જેવા અન્ય વિકલ્પો પર વિચાર કરવામાં આવશે. પરંતુ આ ટૂર્નામેન્ટમાં તેમના સ્થાને અન્ય કોઈ ટીમ ભાગ લઈ શકશે નહીં.

# ઓનલાઈન ક્લાસની એપ્લિકેશનમાંથી ૪૦૦૦ વીડિયો ડાઉનલોડ કરાયા

## ગાંધીનગરમાં અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ફી લઈ ઓનલાઈન તાલીમ આપતી એપ્લીકેશન હેક

ગાંધીનગર,તા.૨૧

આજકાલ, ઑનલાઈન શિક્ષણ વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. ઘણી પરંપરાગત યુનિવર્સિટીઓ તેમના અભ્યાસક્રમોને નિઃશુલ્ક ઓનલાઈન શેર કરે છે. પરંતુ ઑનલાઈન ક્લાસની એપ્લિકેશનમાંથી પણ ઠગાઈ થાઈ હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગરમાં અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રૂ. ૫ થી ૨૫ હજાર સુધીની ફી લઈ ઓનલાઈન તાલીમ આપતી એપ્લીકેશન હેક કરીને તેમાંથી વીડિયો ડાઉનલોડ કરીને સસ્તામાં વેચી દેવામાં આવ્યા હોવાની ફરિયાદ દાખલ થઈ છે. ભેજાબાજ શખ્સોએ ચાર હજાર જેટલા રેકોર્ડેડ વીડિયો એસ્ટ્રેક્ટ કરીને ટેલીગ્રામ ચેનલ પર સસ્તા ભાવે વેચી દીધા હોવાની ફરિયાદ થઈ છે. આ મામલે આર્થિક નુકસાની થતાં રાજધાનીના સેક્ટર – ૭ પોલીસ મથકમાં સાયબર એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં જ્ઞાન એકેડેમી ચલાવતા મહેશભાઈ આહજોલીયાએ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેની ઑનલાઈન તથા ઓફ લાઈન તાલીમ આપે છે.


ઓનલાઈન તાલીમ માટે જ્ઞાન લાઈવ નામની એપ્લીકેશન મારફતે રેકોર્ડેડ અને લાઈવ કોર્સીસના વિડીયો મૂકવામાં આવે છે. અને રૂ. ૫ થી ૨૫ હજાર સુધીની ફી લઈ એપ્લીકેશન મારફતે ઓનલાઈન તાલીમ આપવામાં આવે છે. આ વીડિયોને કોઈ સ્કીન શોર્ટ, સ્ક્રીન રેકોર્ડીંગ તથા ફોરવર્ડ કરી શકાતું નથી. વિડીયો માત્ર એપ્લીકેશનમાં જ ડાઉનલોડ થઈ શકે તે રીતે વ્યવસ્થા રાખેલી છે.

જુન ૨૦૨૪માં તેમની સંસ્થા સિવાય વેબ સંકુલ, પ્રાજશ્વ ફાઉન્ડેશન, વચન ઓનલાઈન, ધ્યેય ઈન્સ્ટિટ્યૂટ, વર્લ્ડ ઈનબૉક્સ, સાધ્યમ એકેડેમી અને વિવેકાનંદ એકેડમીના એપ્લીકેશનના ચારેક હજાર રેકોડેડ વીડિયો એસ્ટ્રેક્ટ કરી કોઈ ભેજાબાજ શખ્સોએ પોતાની ટેલીગ્રામ ચેનલ પર મૂક્યા હતા. અને તેને ૨૦૦ થી ૮૦૦ રૂપિયામાં વિદ્યાર્થીઓને વેચવામાં આવી રહ્યા છે. જેની વધુ તપાસ કરતા ટેલીગ્રામ ગ્રુપના એડમીન તરીકે **joinhider bot** યુઝર નેમ **@Join_hider_bot** બતાવતું હતું. જેના એડમીન **“Lª’s Help Upadate”** યુઝર નેમ **@L ªs Help_official** હતા. આ મામલે ફરિયાદીએ ૨૭ જુન ૨૦૨૪ના રોજ તમામ સંસ્થાઓ વતી સાયબર ક્રાઈમમાં અરજી આપી હતી. જે અન્વયે સેકટર – ૭ પોલીસ મથકમાં ગુનો દાખલ થતાં વધુ તપાસ સાયબર ક્રાઈમ પોલીસ મથક દ્વારા કરવામાં આવી રહી છે.

### ભારતમાં સલમાનની નવી કાર ઉપલબ્ધ નથી

# સલમાન ખાને પોતાની સુરક્ષા માટે દુબઈથી મંગાવી બુલેટ પ્રુફ કાર

## સલમાન ખાન છેલ્લા ઘણા સમયથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે : કારની કિંમત લગભગ ૨ કરોડ





મુંબઈ,તા. ૨૧

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને મળેલી લેટેસ્ટ ધમકીઓ બાદ તે પોતાની સુરક્ષા વ્યવસ્થાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યો છે. સલમાન ખાન છેલ્લા ઘણા સમયથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે અને બાબા સિદ્દીકીની હત્યા બાદ ભાઈજાનને ફરી એકવાર એ જ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. આ પછી સલમાન ખાનની સુરક્ષા ઘણી વધારી દેવામાં આવી છે. તેના ઘરની બહાર એક અસ્થાયી પોસ્ટ બનાવવામાં આવી છે અને હવે સમાચાર છે કે સલમાન ખાન પણ આ બાબતને ખૂબ ગંભીરતાથી લઈ રહ્યા છે. સમાચાર છે કે સલમાન ખાને પોતાના માટે નવી બુલેટપ્રૂફ કાર ખરીદી છે. બોલિવૂડ સોસાયટીના રિપોર્ટ અનુસાર, સલમાન ખાને બુલેટપ્રૂફ નિસાન પેટ્રોલ એસયુવી ખરીદી છે. આ કાર ભારતીય બજારમાં ઉપલબ્ધ ન હોવાથી સલમાન ખાન તેને દુબઈથી ખરીદી રહ્યો છે. કારની કિંમત લગભગ ૨ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સિવાય તેને ભારતમાં લાવવા માટે ઈમ્પોર્ટ ડ્યૂટી અને અન્ય પ્રકારના ટેક્સ પણ ચૂકવવા પડશે. મહત્વનું છે કે બિશ્નોઈ ગેંગે સલમાન ખાન પાસેથી ૫ કરોડ રૂપિયા માંગ્યા છે અને કહ્યું છે કે જો તેને જીવિત રહેવું હોય તો તેણે લોરેન્સ ગેંગ સાથેની દુશ્મની ખતમ કરવી જોઈએ.

સલમાન ખાનની નવી કારની વાત કરીએ તો ઓનલાઈન ઉપલબ્ધ આ કારની વિશેષતાઓમાં એ પણ સામેલ છે કે તેમાં ઘણા ફીચર્સ છે જે તેને સુરક્ષાના દૃષ્ટિકોણથી ખાસ બનાવે છે. ઉદાહરણ તરીકે, તેમાં વિસ્ફોટક સૂચકાંકો સ્થાપિત કરવામાં આવ્યા છે અને તેની કાચની ઢાલ પોઈન્ટ બ્લેક બુલેટ શોટ સામે રક્ષણ આપવા માટે પૂરતી જાડી છે. આટલું જ નહીં આ વાહનના કાચ એવી રીતે બનાવવામાં આવ્યા છે કે બહારથી જોનાર વ્યક્તિને ખબર ન પડી શકે કે ડ્રાઈવર કે પાછળ બેઠેલી વ્યક્તિ ક્યાં છે.

અગાઉ ગયા વર્ષે પણ સલમાન ખાને દુબઈથી બુલેટપ્રૂફ કાર મંગાવી હતી જ્યારે તેને અને તેના પિતા સલીમ ખાનને ધમકીઓ મળી હતી. આ પ્રથમ વખત હતો જ્યારે તેને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ઉલ્લેખનીય છે કે સલમાન ખાન હાલમાં રિયાલિટી ટીવી શો બિગ બોસ ૧૮ અને તેની આગામી ફિલ્મ સિકંદરના શૂટિંગમાં વ્યસ્ત છે. શુક્રવારે ભાઈજાન ભાઈ બિગ બોસ ૧૮ ના શૂટિંગમાંથી સુરક્ષા સાથે પરત ફર્યા હતા. ગયા અઠવાડિયે બાબા સિદ્દીકીના અવસાન પછી આ પ્રથમ વખત હતો જ્યારે તેઓ કામ પર પાછા ફર્યા હતા.

# વડોદરામાં રાત્રિના સમયે મગરો બહાર આવે છે

વડોદરા, તા.૨૧

વડોદરામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી રાત્રિના સમયે મગરો બહાર આવી જવાના એક પછી એક બનાવ બની રહ્યા છે. કેટલાક સ્થળોએ મગર દેખાતા નથી તો કેટલાક સ્થળોએ રેસ્ક્યુ માટે ટીમ આવે તે પહેલા મગર ઓઝલ થઈ જતા હોય છે. જ્યાં મગર દખાય છે, ત્યાં સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવે છે. શહેરમાં લાલબાગ વિશ્વામિત્ર બ્રિજ પાસે બે દિવસમાં બે મહાકાય મગર મળી આવ્યા હતા. જ્યારે બીલ અને દેવપુરા વિસ્તારમાં પણ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ દરમિયાન શુક્રવારે મોડી રાતે વડોદરા પાસેના કોટાલી ગામે ૬.૫ ફૂટનો એક મગર ખેતરમાં આવી જતા ગ્રામજનો ભેગા થઈ ગયા હતા. બનાવ અંગે કાર્યકર અરવિંદ પવારને જાણ કરાતા તેમણે ટીમ રવાના કરી મગર રેસ્ક્યુ કરાવ્યું હતું. જીવદયા કાર્યકરનું કહેવું છે કે, પૂરના પાણી ઓસરી ગયા બાદ મગર પોત પોતાની જગ્યાએ પાછા ફરવા માટે સ્થળાંતર કરતા હોય છે. જેને કારણે આ પ્રકારના બનાવ બની રહ્યા છે.

દરમિયાનમાં ડભોઈ રોડ પર પણ બે દિવસ પહેલા એક મગર કોઈ વાહનની અડફેટમાં આવી જતા ઈજાગ્રસ્ત થયો હતો. જેથી તેને સારવાર માટે ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો હતો.

# ભારત સરકારે ૨૦૨૫ના વર્ષ માટેની રજાઓની યાદી જારી કરી

નવી દિલ્હી,તા.૨૧

ભારત સરકારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે વર્ષ ૨૦૨૫ની રજાઓની યાદી જાહેરા કરી છે. આ યાદી અનુસાર પ્રત્યેક કર્મચારીને મર્યાદિત રજાઓની યાદીમાંથી કોઈપણ બે રજા લેવાની પસંદગી આપવામાં આવશે. દિલ્હીની બહાર આવેલી કેન્દ્ર સરકારની વહીવટી કચેરીઓએ નીચે પ્રમાણેની રજાઓ રાખવાની રહેશે, તે ઉપરાંત ૧૨ વૈકલ્પિક રજાઓમાંથી ત્રણ રજાઓ પસંદ કરી શકાશે.

નિર્ધારિત રજાઓની યાદી :-

૧. પ્રજાસત્તાક દિવસ (૨૬ જાન્યુઆરી)
૨. સ્વતંત્રતા દિવસ (૧૫ ઑગસ્ટ)
૩. ગાંધી જયંતી (૨ ઑક્ટોબર)
૪. બુદ્ધ પૂર્ણિમા -૧૨ મે, ૨૦૨૫ (સોમવાર)
૫. નાતાલ (૨૫ ડિસેમ્બર)
૬. દશેરા (વિજયા દશમી) (૨ ઑક્ટોબર)
૭. દિવાળી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ (સોમવાર)
૮. ગુડ ફ્રાઈડે
૯. ગુરૂનાનક જયંતી
૧૦. ઈદ ઉલ ફિત્ર
૧૧. ઈદ ઉલ ઝુહા
૧૨. મહાવીર જયંતી – ૧૦ એપ્રિલ, ૨૦૨૫ (ગુરૂવાર)
૧૩. મોહરમ – ૨૭ જૂન, ૨૦૨૫ (શુક્રવાર)
૧૪. મહંમદ પયંગબર જન્મદિવસ (ઈદે મિલાદ) ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫

વૈકલ્પિક ૧૨ રજાઓની યાદી આ પ્રમાણે છેઃ

૧. દશેરા તહેવારનો વધારાનો દિવસ
૨. હોળી – ૧૩ માર્ચ, ૨૦૨૫ (ગુરૂવાર)
૩. જન્માષ્ટમી – ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)
૪. રામ નવમી – ૬ એપ્રિલ, ૨૦૨૫ (રવિવાર)
૫. મહા શિવરાત્રી- ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ (બુધવાર)
૬. ગણેશ ચતુર્થી/વિનાયક ચતુર્થી
૭. મકર સંક્રાંતિ (૧૪ જાન્યુઆરી)
૮. રથ યાત્રા – ૨૭ જૂન, ૨૦૨૫ (શુક્રવાર)
૯. ઓણમ –
૧૦. પોંગલ –
૧૧. શ્રી પંચમી – વસંત પંચમી
૧૨. વિષ્ણુ/વૈશાખી/ભાગ બિહુ/મશાદી ઉગાડી/ચૈત્ર સુકલડી/ચેટી ચાંદ/ગુડી પડવા/ નવરોઝ/છઠ પૂજા.

### ગાયનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

# એક ખુલ્લા ઘરમાં ઘૂસીને ગાય બીયર પી ગઈ!

નવી દિલ્હી, તા.૨૧

સોશિયલ મીડિયા પર એક ખુલ્લા ઘરમાં ઘૂસીને ગાય બીયર પી ગઈ હોવાનો વિડિયો વાયરલ થયો છે. આપણે સૌ એ જાણીએ છીએ કે દારુ અને બીયર પીવાથી લોકોને કેવો નશો ચડે છે. અને તે પછી વ્યક્તિ નશામાં કેવી ઉલટી-સીધી હરકતો કરે છે, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે, કે જો કોઈ પ્રાણી દારૂ કે બિયર પી જાય તો શું થશે? હા, તેની કલ્પના કરવી થોડી અઘરી છે, પરંતુ તાજેતરમાં આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક ગાય ઘરમાં ઘૂસી અંદર રાખેલ તમામ બિયર પી ગઈ હતી. જે બાદ તેની હાલત જોવા જેવી છે. સોશિયલ મીડિયા પર અવારનવાર વિવિધ પ્રકારના વીડિયો વાયરલ થતા રહેતા હોય છે, જેમાં વાંદરાઓ દારૂ પીતા અને નશામાં ડાન્સ કરતા જોવા મળે છે. પરંતુ ગાય સાથે આવો કિસ્સો ભાગ્યે જ જોવા મળે છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, એક ગાય ઘરનો દરવાજો ખુલ્લો જોઈને ત્યા ઘૂસી જાય છે, અને પછી ઘરમાં રાખેલી બિયર પી લે છે. ઘરમાં રાખેલી તમામ બિયર ગટગટાવ્યા પછી થોડીવાર તો ગાય ઘરની અંદર બેસી રહે છે. પછી ઘરની બહાર નીકળે છે. જાણ્યે-અજાણ્યે ગાય પણ અજીબો-ગરીબ હરકતો કરવા લાગે છે. ઘરની બહાર નીકળ્યા પછી તે ડગમગાવા લાગે છે અને પછી તે ધડામ દઈને જમીન પર પડી જાય છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયો X પર **@Am_Blujay** નામના એકાઉન્ટથી શેર કરવામાં આવ્યો છે.

### ભારતીય સિનેમા વિશે કહી મોટી વાત

# BRICS પહેલા બોલીવુડના દિવાના બન્યા વ્લાદિમીર પુતિન

મોસ્કો, તા. ૨૧

૧૬મી **BRICS** સમિટ આ મહિનાની તારીખ ૨૨-૨૩ ઓક્ટોબરે રશિયાના કાઝાનમાં યોજાવા જઈ રહી છે. રશિયા આ માટે ખાસ તૈયારી કરી રહ્યું છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રશિયા જશે, અહીં તેઓ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ખાસ મુલાકાત કરશે.આ દરમિયાન પ્રમુખ વ્લાદિમીર પુતિન આ તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. **BRICS**ની તૈયારીઓ વચ્ચે પુતિનનો બોલિવૂડ પ્રત્યેનો પ્રેમ ફરી એકવાર દુનિયાની સામે આવી ગયો છે.

જ્યારે પ્રમુખ પુતિનને એક મીટિંગ દરમિયાન પૂછવામાં આવ્યું કે, ભારત બહાર બોલિવૂડનો સૌથી મોટો ફેન કોણ છે? જેના પર પ્રમુખ પુતિને ફરીથી ભારતીય ફિલ્મો પ્રત્યે રશિયાની પ્રશંસાની જાહેરાત કરી. વ્લાદિમીર પુતિને કહ્યું કે, તમે જાણો છો કે જો તમે તમામ **BRICS** સભ્ય દેશોને જુઓ તો મને લાગે છે કે, ભારતીય સિનેમા અન્ય **BRICS** દેશો કરતાં રશિયામાં વધુ લોકપ્રિય છે. મને લાગે છે કે, અમારી પાસે ટીવી પર પણ એક અલગ ચેનલ છે, જે ભારતીય સિનેમાને દિવસ-રાત બતાવે છે. તેથી, ભારતીય સિનેમામાં અમારો રસ ઘણો વધારે છે. પુતિને કહ્યું કે, “સિનેમા નિર્માણ અને ફિલ્મ ઉદ્યોગ અર્થતંત્રનો હિસ્સો છે. આને યોગ્ય રીતે નિયંત્રિત કરવું જોઈએ. ભારતે તેના સિનેમા બજારને બચાવવા માટે ઘણા નિર્ણયો લીધા છે.” આ સાથે શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને સંકેત આપ્યા કે, આવતા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની મુલાકાત દરમિયાન તેઓ ભારતીય ફિલ્મોના વધુ પ્રમોશન અંગે ચર્ચા કરી શકે છે.

મહત્ત્વપૂર્ણ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી **BRICS** સંમેલનમાં ભાગ લેવા માટે રશિયા જશે. આ વર્ષે વડાપ્રધાન મોદીની રશિયાની આ બીજી મુલાકાત હશે. તેઓ છેલ્લે જુલાઈમાં ૨૨મી ભારત-રશિયા વાર્ષિક સમિટમાં ભાગ લેવા મોસ્કો ગયા હતા. આ મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદી કઝાનમાં તેમના સમકક્ષો અને બ્રિક્સ સભ્ય દેશોના આમંત્રિત નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

વ્યસનમુક્ત થવું છે ? તો પુસ્તકો વાંચો...

# પંજાબમાં ઠેર-ઠેર જે ડ્રગ્સની સ્થિતિ છે તેવી આપણા વિસ્તારમાં થાય તે પહેલા સામાજિક બનો, પુસ્તકો વાંચો : મુક્તાનંદજી બાપુ

## ચેતજો, નહીં તો સોરઠ-સૌરાષ્ટ્રના ગામડાઓ સુધીનું યુવાધન ડ્રગ્સ એડીક્ટ થઈ જશે !! : એસ.પી. હર્ષદ મહેતા

## વાંચન વલોણું સંસ્થાના ત્રિવિધ કાર્યક્રમમાં મુક્તાનંદજી બાપુ અને જિલ્લા પોલીસ વડાની યુવાનોને લાલબત્તિ






જૂનાગઢ તા.૨૧

પુસ્તક વાંચવાથી મન અને તન સ્વસ્થ બને છે. આ પુસ્તક માણસને સામાજિક બનાવે છે. અત્યારે સોરઠ અને સૌરાષ્ટ્રના વ્યસનોમાં ખાસ કરીને ડ્રગ્સના સકંજામાં યુવાનો ફસાઈ રહ્યા છે અને જો આ નહીં અટકે તો એકાદ દશકામાં સોરઠના ગામડાઓ સુધી આ ડ્રગ્સ ખુબ ચિંતાજનક રીતે ભરડો લઈ ગયું હશે. આવી સ્થિતિમાં આ ભયંકર દુષણના ઉપાયોમાં એક ઉપાય યુવાનો વાંચતા થાય તે છે. યુવાનોમાં પુસ્તકો વંચાશે તો સમજણશક્તિ વધશે અને ડ્રગ્સ જેવા દુષણમાં ફસાતા અટકશે. પંજાબમાં આ નશીલા પદાર્થોની ખુબ ભરમાર છે તે સ્થિતિ અહીં ન થાય તે માટે ખુબ ચેતવાની જરૂર છે. આ શબ્દો છે સોરઠના એક વરિષ્ઠ સંત અને વરિષ્ઠ પોલીસ અધિકારીના.

ગત શનિવારે જૂનાગઢના જયશ્રી ફાટક પાસે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ હોલમાં વાંચન વલોણું સંસ્થા દ્વારા યોજાયેલા હરતું-ફરતું પુસ્તકાય, વાંચે છે પોલીસ અને ડિજીટલ લાઈબ્રેરીના લોકાર્પણ એમ ત્રિવિધ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત ભારત સાધુ સમાજ અધ્યક્ષ અને વરિષ્ઠ સંત મુક્તાનંદજી બાપુએ હરતું-ફરતું પુસ્તકાલયની વાનને ખુલ્લી મુકતા જણાવ્યું હતું કે પુસ્તકનું વાંચન સમાજને ફક્ત સમૃદ્ધ જ નથી બનાવતું, આ સમાજમાં પ્રસરેલી બદીઓથી પુસ્તક વાંચવાથી મુક્તિ મળે છે. પાન-માવાના વ્યસન, દારૂ બાદ હવે યુવાનો ડ્રગ્સ તરફ વળ્યા છે તે ખુબ ચિંતાજનક બાબત છે. જો ઘરે-ઘરે પુસ્તકો વંચાશે તો યુવાનો પણ વાંચતા થશે અને સમજણશકિત વધતા આવા ભયંકર દુષણોમાંથી મુક્ત થવા આ યુવાનો પ્રેરાશે. અત્યારે પંજાબમાં સરહદ પારથી આવતા ડ્રગ્સને કારણે આ યુવાનો બરબાદી તરફ જઈ રહ્યા છે અને ત્યાં સ્થિતિ એટલી ભયંકર થતી જાય છે કે પંજાબના ઘણા વિસ્તારોમાંથી માતા-પિતા તેના સંતાનોને આ દુષણમાંથી મુક્ત કરવા અમારા જેવા સંતોનું માર્ગદર્શન માંગે છે. આ વરિષ્ઠ સંતે પોલીસ પરિવારો સતત વાંચતા થઈ રહ્યા છે તે બાબતે ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે અતિથિ વિશેષ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર સ્થિતિ ગામડાઓ સુધી પહોંચવામાં છે. વિસાવદર તાલુકાના કાલસારી ગામની સીમમાં ડ્રગ્સની પાર્ટી થાય તે વિષય ખુબ ચિંતાજનક કહેવાય. આ વ્યસનને નાબુદ કરવા પોલીસે તો કમર કસી છે પણ આ દુષણને પાયાથી નાબુદ કરવાના કેટલાક ઉપાયોમાંનો એક ઉપાય છે પુસ્તકોનું વાંચન. જો યુવાનો સહિતના સમાજના લોકો પુસ્તકો વાંચતા થશે તો વધુ સમજણશક્તિ કેળવાશે અને આ દુષણથી તેઓ દુર રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ શિક્ષણવિદ્ સુરેશભાઈ વેકરીયાએ તેમના પિતા અને માજી સાંસદ સ્વ.નાનજીભાઈ વેકરીયાની સ્મૃતિમાં વાંચન વલોણું સંસ્થાને ડિજીટલ લાઈબ્રેરી પેટે રૂા.૧ લાખ ૫૧ હજારનું દાન જાહેર કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વાંચન વલોણું સંસ્થાના પ્રમુખ એલ.વી.જોષીએ મહેમાનોને આવકાર્યા હતાં જયારે પુસ્તક પરબના મુખ્ય કાર્યકર નિધીબેન પંડ્યાએ કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં આ સંસ્થા દ્વારા ચાલતી વાંચનની પ્રવૃતિઓ અંગેની વિગત આપી હતી. વાંચન વલોણું સંસ્થા દ્વારા સાધુ-સંતો અને પોલીસ અધિકારીઓની હાજરીમાં યોજાયેલા વાંચે છે પોલીસ કાર્યક્રમ અંતર્ગત ત્યાં હાજર રહેલા ૧૦૦ જેટલા પોલીસ જવાનોને સંસ્થાના સભ્ય અને શિક્ષણવિદ્ માતંગભાઈ પુરોહિતે પુસ્તકો વાંચવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેમાં પોલીસ જવાનોએ એવો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે "હું વાંચીશ... વાંચીને જ્ઞાનસમૃદ્ધ બનીશ અને કુટુંબ- પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે મારી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવીશ." આ પ્રસંગે પોલીસ પરિવારો માટે બેસીને વાંચી શકાય તેવી સેંકડો પુસ્તકોની લાઈબ્રેરીને પણ પોલીસ પરેડ ગ્રાઉન્ડ હોલ ખાતે મુક્તાનંદજી બાપુના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સભ્ય ભરત મેસીયાએ કર્યું હતું. આ પ્રસંગ બાદ કાર્યરત થયેલ હરતું-ફરતું પુસ્તકાલય જયારે પોલીસ હેડક્વાર્ટરમાં ઘરે-ઘરે ફર્યું ત્યારે આ લાઈબ્રેરીમાંથી પુસ્તકો વાંચી પોલીસ પરિવારોએ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શહેરના શૈક્ષણિક-સેવા ક્ષેત્રોના અગ્રણીઓ, શહેરીજનો અને પોલીસ પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# માંગરોળના શેખમીયા તળાવમાંથી તંત્ર દ્વારા પેશકદમી દુર કરી ૨૬૦૦ ચો.મી. જગ્યા ખાલી કરાવાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૧

માંગરોળના શેખમીંયા તળાવમાંથી પેશકદમી દુર કરી તંત્ર દ્વારા આશરે ૨૬૦૦ ચો.મી. જેટલી જગ્યા ખુલ્લી કરાવાઈ છે. તળાવમાં પેશકદમી સંબંધે અન્ય કોઈ ઈસમોને નોટીસો આપવામાં આવેલ છે કે કેમ ? તે અંગે મામલતદારે જણાવ્યું હતું કે ડીએલઆરને માપણી માટે લેખિત જાણ કરવામાં આવી છે. તેઓનો રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજાશાહીના સમયથી આવેલા તળાવમાં લાંબા સમયથી રાજકીય ઓથ અને તંત્રની મીઠી નજર હેઠળ ભૂમાફીયાઓએ બેરોકટોક દબાણો ખડકી દીધા હોવાની ઉચ્ચકક્ષાએ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. પેશકદમીને પગલે તળાવ સાંકડું થતાં તેમજ વરસાદી પાણીના સંગ્રહ, વહેણમાં અવરોધ ઉભો થતાં ચોમાસામાં છેવાડાની સોસાયટીઓમાં ઘરોમાં પાણી ઘૂસી જતા હોવાની રહેવાસીઓએ પણ ફરીયાદ કરી હતી. તપાસ દરમ્યાન અહીં કંપાઉન્ડ વોલ, ઓરડી, શેડ, પાકા બાંધકામ સહિતના દબાણો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું.

થોડા સમય પહેલા તંત્ર દ્વારા નોટીસો અપાયા બાદ એક ઈસમે સ્વેચ્છાએ કેટલુંક દબાણ દુર કર્યુ હતું. તાજેતરમાં તળાવના બ્યુટીફીકેશનની કામગીરી અંતર્ગત તળાવને ઉંડુ અને પહોળું કરવા, પથ્થરથી સાઈડો, વોકિંગ ઝોન, લાઈટીંગ, ફેન્સીંગ સહિત અઢી કરોડના કામો માટે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા દ્વારા સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. દરમ્યાન શનિવારે જુનાગઢ ખાતે જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં મળેલી ફરીયાદ સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યએ તળાવમાં પેશકદમીનો મુદ્દો ઉઠાવ્યો હતો. જે અંતર્ગત કલેકટરે એક માસમાં દબાણો દૂર કરી જગ્યા ખાલી કરાવવા તંત્રને સ્પષ્ટ સુચના આપી હતી. જેથી પોલીસ બંદોબસ્ત સાથે મામલતદાર રાજેશ પરમાર તથા સ્ટાફ સ્થળ પર પહોંચ્યા બાદ જેસીબી, ટ્રેક્ટર સહિતના સાધનોની મદદથી પેશકદમી હટાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. તંત્રની કાર્યવાહીને પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# દ્વારકામાં શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત અખિલ ભારતીય તીર્થ પુરોહિત પંડાસભા મહાઅધિવેશનની તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૧

ચારધામ અને સાત પુરીમાંનું એક દ્વારિકા ધામમાં આગામી ૨૩ અને ૨૪ ઓકટોબરના શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત યાત્રિક નિવાસ ખાતે અખિલ ભારતીય તીર્થ પુરોહિત પંડાસભા મહાઅધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. જેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શ્રી દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત આ અધિવેશનમાં ભારતના તમામ તીર્થોના તીર્થ પુરોહિતો દ્વારકામાં એકત્ર થશે. દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. અખિલ ભારતીય તીર્થ પંડા પુરોહિત પંડાસભા મંત્રી નવીન નાગરજી અને સદસ્ય વિનોદ ચતુર્વેદીજીનું દ્વારકામાં વ્યવસ્થા નિરીક્ષણ માટે આગમન થયું છે. ગુગ્ગુળી બ્રાહ્મણ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય અને દ્વારકા તીર્થ પંડાસભા મંત્રી ભાર્ગવભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સ્વાગત સમિતિ, દીપ પ્રાગટ્ય સમિતિ, મંચવ્યવસ્થા સમિતિ, અધિવેશન બેઠક સમિતિ, ભોજન પ્રસાદ સમિતિ સહિત કુલ ૯ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. જ્ઞાતિના કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો, સલાહકાર સમિતિ સદસ્યો, સામાજિક કાર્યકર સદસ્યો જેમાં યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, કપિલભાઈ વાયડા, ચેતનભાઈ પુજારી, અમ્બરીષભાઈ ઠાકર, જયેશભાઈ પાઢીયા, ભાર્ગવભાઈ ભટ્ટ, હેમલભાઈ દવે, દિવ્યાંગભાઈ ઠાકર, ઉમંગભાઈ ઠાકર, પ્રદીપભાઈ ઉપાધ્યાય, પ્રજ્ઞેશભાઈ ઠાકર, નરેશભાઈ વાયડા, સન્નીભાઈ પુરોહિત વગેરેને અલગ અલગ કામગીરી સોંપવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે મહા અધિવેશન અગાઉ તારીખ ૨૨ ઓક્ટોબર મંગળવારના સાંજે ૫:૩૦ વાગ્યે બ્રહ્મપુરી નંબર ૧ માં પ્રેસ મીડિયા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં તમામ પત્રકારો, મીડિયાકર્મીઓને સહભાગી થવાનું આમંત્રણ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા આપવામાં આવ્યું છે.

# માંગરોળ એમએમઈડબલ્યુ હાઈસ્કૂલના બે સિનિયર શિક્ષકો નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો



## અ. ગની ખેડુવોરા અને હુસેન ખિલચીનું ભિની આખે વિદાય સન્માન કરવામાં આવ્યું : છેલ્લા પાંત્રીસ વર્ષથી શિક્ષક તરીકે માંગરોળની લઘુમતી શાળામાં અથાગ સેવા

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૧

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતેની સૌથી જૂની લઘુમતિ શાળા એમ.એમ. ઈ.ડબલ્યુ. હાઈસ્કૂલમાં બે સિનિયર શિક્ષકો વયમર્યાદા પૂરી થતા નિવૃત્ત થયા હતા. માંગરોળ મુસ્લિમ સમાજમાં આગવું સ્થાન ધરાવતી આ લઘુમતી શાળામાં અ. ગની ખેડુવોરા છેલ્લા પાંત્રીસ વર્ષથી શિક્ષક તરીકે અથાગ સેવા આપી રહ્યા હતા. તેઓ ગણિત અને વિજ્ઞાન જેવા મહત્વના વિષયો ભણાવતા હતા. એવી જ રીતે હુસેનખાન ખિલચી સાહેબ ગુજરાતી વિષય ભણાવી ત્રિસ વર્ષથી સેવા આપી રહ્યા હતા. માંગરોળ મુસ્લિમ સમાજનાં મોટા ભાગના યુવાનો આ શિક્ષકો પાસે ભણીને આજે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી છે. તેઓના હાથ નિચે ભણીને આજે સમાજમાં ઘણા વિદ્યાર્થીઓ ડોક્ટર્સ અને એન્જીનીયર બન્યા છે. માંગરોળ મુસ્લિમ સમાજમાં એજ્યુકેશન પાછળ આ બંને શિક્ષકોનો મહત્વનો ફાળો રહ્યો છે. આ તકે અ.ગની ખેડુવોરા અને હુસેન ખિલચીએ પોતાની કારકિર્દીના અનુભવો અને તેમણે કરેલ સંઘર્ષોને વાગોળ્યા હતા. અ.ગની ખેડુવોરા સાહેબે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે એક ટર્મ ઓછુ જમીને પણ તમે તમારા બાળકોને ભણાવજો. તેમણે સંસ્થાના સંસ્થાપકો અને સંચાલકો ને યાદ કરીને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે શાળાના નિયામક રાબીયા મેડમ અને આચાર્ય હારૂનભાઈ જેઠવાનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના નિયામક રાબીયાબેન આરબે બંને શિક્ષકોની સંઘર્ષમય સેવાઓને યાદ કરી બિરદાવી હતી. જ્યારે આચાર્ય હારૂનભાઈ જેઠવાએ બંને શિક્ષકોની કામગીરીને બિરદાવી હતી. શાળાના સ્ટાફે બંને શિક્ષકોને મૂવમેન્ટો આપી અને સાલ ઓઢાડી ભીની આખે વિદાય આપી હતી. આ તકે શાળાના નિયામક રાબીયાબેન આરબ, આચાર્ય હારૂનભાઈ જેઠવા, પૂર્વ ક્લાર્ક ઈબ્રાહીમભાઈ પડાયા, કલાર્ક કાદીરભાઈ અમરેલીયા તેમજ શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યો હતો. પ્રોગ્રામનું સંચાલન રીઝવાનભાઈ કોતલે કર્યું હતું.

# જૂનાગઢ એસટી યંત્રાલય ખાતે બ્રહ્મ સમાજ-સાધુ સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો



જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ વિભાગીય યંત્રાલય ખાતે અમરેલી વિભાગથી બદલી થઈને આવેલ અવલ વિભાગ યાંત્રીક એચ.એન.દવેનું એસટી વિભાગીય યંત્રાલય ખાતે બ્રહ્મ સમાજ તથા સાધુ સમાજ દ્વારા સન્માન કરવામાં આવેલ. આ તકે બ્રહ્મ સમાજ-સાધુ સમાજના આગેવાનો તેમજ સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહેલ.

# જૂનાગઢમાં મહેતા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ અને મહાપ્રસાદ



જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં મહેતા પરિવાર દ્વારા(કમીગઢ જાંબુડા) રાજરાજેશ્વર માં ચામુંડા માતાજી કુળદેવીમાંનો નવચંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હવનનું આયોજન કરવામાં આવેલ જેમાં આ વર્ષે હવન તથા પ્રસાદની સેવા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પુર્વ મહામંત્રી ધીરૂભાઈ વી.મહેતા જેતપુરના રમેશભાઈ મહેતા, જૂનાગઢના મનીષભાઈ મહેતા તરફથી આપવામાં આવેલ. અફા કાર્યક્રમમાં મહેતા પરિવારના ગોઠીભાઈઓ સહ પરિવાર ઉપસ્થિત રહફી યજ્ઞનો અને મહાપ્રસાદનો લાભ લીધો હતો તેમજ રાજકોટથી બામટા પરિવારના કનુભાઈ, રાજુભાઈ, અશોકભાઈ સહિતનાએ પણ લાભ લીધો હતો.


મહાનગર સેવા સદન, જૂનાગઢ
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
જાહેર નિવિદા નં. ૬/૨૦૨૪-૨૫


જુમનપા/SWMપ્રોજેક્ટ/જા.નં. ૨૧૪ તા. ૧૫/૧૦/૨૪

મહાનગરપાલિકા, જુનાગઢની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, "સ્વામી વિવેકાનંદ ભવન" આઝાદ ચોક, જુનાગઢ દ્વારા આ વિભાગ અંતર્ગત EXPRESSION OF INTEREST(EOI) FOR INTEGRATED SERVICES OF PRIMARY & SECONDARY SEGREGATED COLLECTION & TRANSPORTATION OF MUNICIPAL SOLID WASTE AND ENGINEERING PROCUREMENT COMMISIONING AND OPERATION & MAINTANANCE OF TRASFER STATION AND AUTO SEGREGATION MACHINE FOR 15 YEARS AT Junagadh Municipal Corporation દ્વારા આ કામગીરી માટે અનુભવી એજન્સી પાસેથી આ પ્રોજેક્ટ માટે પ્રપોઝલ આવકારવામાં આવે છે. એજન્સીએ પોતાની પ્રપોઝલ મહાનગરપાલિકા,જુનાગઢની website:- junagadhmunicipal.org ઉપર તા.૨૧/૧૦/૨૪ થી જોઈ શકાશે. પ્રોજેક્ટ માટે પ્રપોઝલ તા.૧૧/૧૧/૨૪ સુધીમાં મહાનગરપાલિકા, જુનાગઢનાં email- municipalcorporationjund@yahoo.co.in ઉપર મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરીના સમય દરમ્યાન રૂબરૂ અથવા ફોન નં. (૦૨૮૫) ૨૬૫૧૫૧૦ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

SWM પ્રોજેક્ટ ઓફિસર
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા,જુનાગઢ

માહિતી/જૂના/૫૫૨/૨૦૨૪


# માણાવદરના નવાબી ઓલીયા કમાલુદ્દીન બાબીનો ૨૪મો ઉર્ષ મુબારક ઉજવાશે



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૧

માણાવદર પંથકના હિન્દુ મુસ્લીમ આસ્થાના પ્રતીક સમાં નવાબી ઓલીયા કમાલુદીન બાબીનો ૨૪મો ઉર્ષ મુબારક આજે કમાલુદીન બાબીના મજારે હિન્દુ-મુસ્લીમ બિરાદરો દ્વારા માણાવદર મુલકની પ્રગતિ સુખ શાંતી અને ભાઈચારો જળવાઈ રહે તે માટે નવાબી ઓલીયાની મઝારે ચાદર ચઢાવવામાં આવશે. પ્રાર્થના અને દુવા કરવામાં આવશે. સાંજે ૫ કલાકે માણાવદરના સમર્થ લોક સંત બ્રહ્મલીન પુજય રઘુવીરદાસબાપુ(મહાદેવી યા વાળા બાપુ)ના હિન્દુ મુસ્લીમ સેવકો દ્વારા ૨૫ શ્રીફળ અર્પણ થશે. ન્યાજની પ્રસાદી વિતરણ થશે. ઉર્સ મુબારકના સાથીઓ સલીમભાઈ કલરવાળા, ઈકબાલભાઈ દલ તથા અન્ય બિરાદરો કાર્ય કરી રહયા છે હિન્દુ મુસ્લીમ બિરાદરોને લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


ઓલ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ નર્સીંગ કોન્સોર્ટીયમ

પ્રથમ વર્ષ નર્સીંગ G.N.M. (૩ વર્ષ) અને A.N.M. (૨ વર્ષ) કોર્ષ ૨૦૨૪-૨૫માં મેનેજમેન્ટ કવોટા સીટમાં પ્રવેશ

એડમીશન કમિટી ફોર ગુજરાત પ્રોફેશનલ નર્સીંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ ગાંધીનગર, ગર્વમેન્ટ ઓફ ગુજરાતની માર્ગદર્શીકા પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રથમ વર્ષ G.N.M. તથા પ્રથમ વર્ષ A.N.M. મેનેજમેન્ટ કવોટા (૨૫%) સીટોમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રક્રિયા માટેની જાહેરાત

પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોનું એડમીશન કમીટી દ્વારા પ્રસિધ્ધ થયેલ મેરીટ લીસ્ટમાં નામ હોવું જરૂરી છે

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧ | મેનેજમેન્ટ કવોટાના પ્રવેશનું ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની તારીખ | ૨૧-૧૦-૨૦૨૪ સવારના ૧૦.૦૦ થી | ૨૫-૧૦-૨૦૨૪ સાંજે ૪.૦૦ સુધી |
| ૨ | મેનેજમેન્ટ કવોટા મેરીટ વેબસાઈટ પર જોવા માટેની તારીખ | ૨૫-૧૦-૨૦૨૪ સાંજે ૦૫.૦૦ કલાકે | |
| ૩ | ઓનલાઈન ચોઈસ ફીલીંગ માટેની તારીખ | ૨૧-૧૦-૨૦૨૪ બપોરના ૦૧.૦૦ થી | ૨૫-૧૦-૨૦૨૪ બપોરના ૦૧.૦૦ સુધી |
| ૪ | મેનેજમેન્ટ રાઉન્ડ સીટ ફાળવણીની જાહેરાતની તારીખ | ૨૮-૧૦-૨૦૨૪ બપોરે ૦૧.૦૦ કલાકે | |
| ૫ | મળેલ પ્રવેશ સંસ્થામાં રીપોર્ટીંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરવા અને પ્રવેશ કન્ફર્મ કરાવવાની તારીખ | ૨૮-૧૦-૨૦૨૪ સવારના ૧૦.૦૦ થી | ૩૦-૧૦-૨૦૨૪ સાંજે ૪.૦૦ સુધી |

- એડમીશન કમીટી માર્ગદર્શિકા મુજબ જે સંસ્થા મેનેજમેન્ટ કવોટા સીટ ધરાવે છે તે સંસ્થાની વિગત છે તે www.nursingconsortium.in વેબસાઈટ ઉપર મુકેલ છે.
- પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. કોન્સોર્ટિયમ વેબસાઈટમાં દર્શાવેલ ANM/GNM ની સંસ્થામાં રજીસ્ટ્રેશન સ્લીપ લઈને રૂા.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ફી આપીને રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવવાનું રહેશે.
- એડમીશન કમિટી C/o. જીએમઆરઈએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર થી પણ રજીસ્ટ્રેશન ફી ભરીને રજીસ્ટ્રેશન કરી શકાશે.
- પ્રવેશ ઈચ્છુક ઉમેદવારે પ્રવેશ પ્રક્રિયા અંગે રોજબરોજની માહિતી ઉપર જણાવેલ કોન્સોર્ટિયમની વેબસાઈટ જોતા રહેવા વિનંતી.
- પ્રવેશ પ્રક્રિયામાં એડમીશન કમીટી દ્વારા સમાવેશ થયેલ સંસ્થાઓમાં જ મેનેજમેન્ટ કવોટાની સીટો ફાળવવામાં આવશે.

www.nursingconsortium.in


CMYK

